## ગુજરાતમાં દવા માફિયાથી ચેતો, ડિસ્કાઉન્ટની લાલચમાં ન પડો: **FGSCDA** પ્રમુખ

આ અંગે ધ ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશન (FGSCDA)ના પ્રમુખ જસવંતભાઈ પટેલે દિવ્ય ભાસ્કરની વાતચીતમાં કહ્યું કે, ડ્રગ ગાઈડલાઈન મુજબ સરકારે અમારો માર્જિન ફિક્સ કરેલો છે. કંટ્રોલ કેગેગરીમાં હોલસેલ માર્જિન 8 ટકા, 16 ટકા રિટેઈલમ માર્જિન છે. ડી-કંટ્રોલ કેટેગરીમાં 10 ટકા અને 20 ટકા છે. સરકારે અગાઉ હિમાચલ બાજુ જે ફેકટરીઓ ખોલવા છૂટ આપી હતી અને ટેક્સના બેનીફિટ આપ્યા હતા તે ફેકટરીઓ આજે બંધ હાલતમાં છે અને તેની અંદર ગોરખધંધા ચાલે છે. ભારતમાં 30 જેવી કંપનીઓ તો એવી છે જે બે-બે ત્રણ-ત્રણ દવાઓનું કોમ્બિનેશન કરીને નકલી (સ્પૂરિયસ) દવા બનાવીને ભારતના 20-25 મોટા ડિસ્ટ્રીબ્યુટર્સ દ્વારા વેચાણ કરવામાં આવે છે. અમારો માર્જિન 8 ટકા છે ત્યાં 14 ટકા અને 16 ટકા છે ત્યાં 18-18 ટકા માર્જિન આપીને વેચે છે.




> માર્કેટમાં ઘણી દવાઓ નકલી વેચાય છે. તેની અસર થતી નથી. આ માફિયાઓનું કારસ્તાન છે.
>
> **જસવંતભાઈ પટેલ**, પ્રમુખ, FGSCDA

શેર



❝

માર્કેટમાં ઘણી દવાઓ નકલી વેચાય છે. તેની અસર થતી નથી. આ માફિયાઓનું કારસ્તાન છે.

**જસવંતભાઈ પટેલ**, પ્રમુખ, FGSCDA

શેર

યુપી-દિલ્હી વચ્ચે આગ્રા નજીક બે દિવસ પહેલાં નકલી દવાઓ બનાવતી ફેક્ટરી પકડાઈ. ગુજરાતમાં પણ આવા 10થી 12 ડિસ્ટ્રીબ્યુટર્સ છે કે જે આવો માલ મિક્સ કરે છે. જે ડિસ્ટ્રીબ્યુટર તરીકે કંપનીના ઓથોરાઈઝ્ડ સ્ટોકિસ્ટ નથી. છતાં ઓથોરાઈઝ્ડ સ્ટોકિસ્ટ કરતાં વધારે ડિસ્કાઉન્ટ આપીને માર્કેટને ડહોળવાનો પ્રયાસ કરે છે. લોકોને એમ હોય છે કે આ સસ્તું મળે છે. પણ સસ્તું એટલું સોનું નથી હોતું. ગ્રાહકોને વિનંતી કરું છું કે જ્યાં ડિસ્કાઉન્ટની ઓફર હોય ત્યાંથી ખરીદવાથી ચેતવું જોઈએ. દવાની બાબતમાં આ દેશના કાયદા કડક કરવાની જરૂર છે. આ તો આપણી લાચારી છે કે, કાયદા કડક નથી થઈ શકતા. અમારા બે-ચાર ટકા વેપારીઓ જે જોડાયેલા છે તેને અમે ઉઘાડા જ કરીએ છીએ. અમે ડિપાર્ટમેન્ટને માહિતી આપીએ છીએ. જે આવા ખોટા માલ મિક્સ કરે છે. બીજા રાજ્યોમાંથી દવા લાવે છે. અહીંયા મિક્સ કરીને વેચે છે. દિલ્હીના ભગીરથ પેલેસમાં તો નકલી દવાઓ કિલોના ભાવે મળે છે. આવા ડિસ્ટ્રીબ્યુટરોને ઉઘાડા પાડીને સીબીઆઈ જેવી એજન્સીઓએ દરોડા પાડવા જોઈએ.